ગો-કૃપા અમૃતમ

(કલ્ચર અને બેક્ટેરિયા)

બંસી ગીર ગોશાલા

ગો-કૃપા અમૃતમ એક પ્રાકૃતિક ગૌ આધારિત દ્રવ્યોમાં અને
બીજી ઔષધિમાં થી બનાવેલ મિશ્રણ છે, જે અમારા વિસ્તૃત સંશોધનનું પરિણામ છે.

ગો-કૃપા અમૃતમના લાભ નીચે મુજબ છે (સંક્ષિપ્તમાં) -

- જમીન માં મિત્ર સૂક્ષ્મ કીટાણુઓનો સંચાર થશે - પાક ની રોગપ્રતિકારક શક્તિ અને ગુણવત્તા વધશે. પાકને સુપાચ્ય સ્વરૂપમાં પોષક તત્વો મળશે. અળસિયાઓની વૃદ્ધિ થશે.
- જમીન વધારે નરમ બનશે, વરસાદના પાણીને વધુ સારી રીતે શોષી શકશે, સમય જતાં ખેતીમાં પાણીની જરૂરિયાત ઘટશે. જમીનના ઊંડાણમાં પાણીનું સ્તર પણ વધશે. **ગૌ આધારિત કૃષિ જેમાં ખેડૂત ઓછામાં ઓછા ખર્ચથી સ્વાભિમાન સાથે ખેતી કરી શકે.**
- **ગો-કૃપા અમૃતમનું દ્રાવણ તમામ પ્રકારના અનાજના પાકો તથા શાકભાજીના પાકોમાં ખુબજ ઉપયોગી છે.**

ગો-કૃપા અમૃતમ નિઃશુલ્ક આપવામાં આવે છે. આ ઉત્પાદ માટે કોઈ પૈસા લેશે તો તેની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ખેડૂત ભાઈઓને વિનંતી છે કે ગો-કૃપા અમૃતમનો ઉપયોગ તેમની જમીનના એક ભાગમાં કરે અને તેના પરિણામના આધારે આગળ વધે. આ ઉત્પાદનના સાચા ઉપયોગથી તમારી જમીન અથવા પાકને કોઈ પણ પ્રકારનું નુકશાન થવાની સંભાવના નથી. એનો પ્રયોગ બીજી ખેતીની પ્રાકૃતિક પદ્ધતિઓ સાથે પણ થઇ શકે છે.

ગો-કૃપા અમૃતમ એ દિવ્ય ગૌમાતાની કૃપા છે. અમારી નમ્ર વિનંતી કે આપણે
આ વસ્તુનો ઉપયોગ ગૌમાતાને વંદન કરીને કરીએ અને સમૃદ્ધ બનીએ.

ગો-કૃપા અમૃતમમાંથી બનાવેલ દ્રાવણની વિશેષતાઓ

હરિયાળી ક્રાંતિ પહેલાં ૧૯૭૦ માં ૧ ગ્રામ માટીમાં ૨ કરોડ ઉપયોગી સૂક્ષ્મ જીવાણુ મળતાં, હવે ૫૦,૦૦૦ પણ બચ્યાં નથી. માનવ શરીર હોય કે ધરતી, આ મિત્ર સૂક્ષ્મ કીટાણુઓ સ્વાસ્થ્ય માટે અત્યંત આવશ્યક છે.
ગો-કૃપા અમૃતમ બેક્ટેરિયા અને કલ્ચરમાં ૬૦ થી વધુ અલગ અલગ પ્રકારના બેક્ટેરિયા (મિત્ર સૂક્ષ્મ કીટાણુઓ) છે, જે ધરતીમાં પ્રવેશ કરીને આપોઆપ ફેલાવા લાગે છે. એમાંથી -

- ૪-૬ પ્રકારના એવા બેક્ટેરિયા (મિત્ર સૂક્ષ્મ કીટાણુ) છે કે જે રોગ નિયંત્રક અને કીટ નિયંત્રકનું કામ કરે છે. ઘણા બધા બેક્ટેરિયા એવા છે જે પાકને સારી વૃદ્ધિ પામવામાં, વધુ અને સારા ફળ આપવામાં મદદ કરે છે.
- ૪ પ્રકારના એવા બેક્ટેરિયા છે કે જે હવામાંથી નાઇટ્રોજન લઈને સુપાચ્ય સ્વરૂપમાં મૂળને ઉપલબ્ધ કરે છે, એટલે સમય જતાં ભવિષ્યમાં યુરિયાનો ખર્ચ ઓછો થઇ જશે. એવા બેક્ટેરિયા જે ફૉસફોરસને સુપાચ્ય સ્વરૂપમાં વનસ્પતિને ઉપલબ્ધ કરે છે.
- ૬ બેક્ટેરિયા એવા છે જેને વૈજ્ઞાનિક ભાષામાં જીઓ બેક્ટેરિયા કહે છે, જે છાણ અને ગોમૂત્રમાં અથવા જમીનમાં રહેલા ધાતુ અને ખનીજ પદાર્થોને સુપાચ્ય સ્વરૂપમાં મૂળને ઉપલબ્ધ કરે છે.
- ૬ બેક્ટેરિયા એવા છે જે ખાતરને કંપોસ્ટ કરવાનું કામ કરે છે. લેક્ટોબેસીલસ બેક્ટેરિયા છે જે વનસ્પતિ અને ફળ ને વધવામાં મદદ કરે છે. આ દ્રાવણમા સલ્ફરને સુપાચ્ય સાવરૂપમાં ઉપલબ્ધ કરવા વાળા પણ ઘણા બેક્ટેરિયા ઉપસ્થિત છે.

ગો-કૃપા અમૃતમનો ઉપયોગ કેવી રીતે કરશો?

ગો-કૃપા અમૃતમનો ખેતરમાં ઉપયોગ કરવા માટે દ્રાવણ તૈયાર કરવાની પદ્ધતિ: -

- ૨૦૦ લિટર પાણી લેવું. એમાં ૧ લિટર ગીર ગો-કૃપા અમૃતમ મેળવવું. એમાં ૨ કિલો ગોળ અને ૨ લિટર દેશી ગૌમાતાની તાજી છાશ મેળવવી.
- ઉપરનું મિશ્રણ કોઈ વૃક્ષની નીચે અથવા છાંયડામાં સુતરાઉ કાપડ ઢાંકીને રાખવું જેનાથી હવાની અવરજવર થતી રહે. દિવસમાં એક વાર આ મિશ્રણને ૫ વાર ઘડિયાળની દિશામાં હલાવવું.
- ૫-૭ દિવસની અંદર ૨૦૦ લિટર જેટલું દ્રાવણ તૈયાર થઇ જશે. જ્યારે દ્રાવણ પૂરું થવા આવે અથવા અડધા જેવુ થઈ જાય ત્યારે એમાં ફરી ૨ કિલો દેસી ગોળ, ૨ લિટર દેસી ગોમાતાની તાજી છાશ અને બાકીનું પાણી ઉમેરીને ઉપર સમજાવેલી વિધિ અનુસાર બીજું દ્રાવણ તૈયાર કરવું. કોઈ કારણથી જો દ્રાવણ બગડી જાય તો અમારી ગૌશાળાથી અથવા બીજા કિસાન મિત્રોથી (જેમણે આ દ્રાવણને યોગ્ય રીતે બનાવ્યું છે) ફરી કલ્ચર પ્રાપ્ત કરીને ઉપર દર્શાવેલ પદ્ધતિથી પોતાનું નવું દ્રાવણ તૈયાર કરી શકો છો. આ તૈયાર દ્રાવણને પ્રથમ વખત ૧ એકર જમીનમાં ૧૦૦૦ લીટરના માપથી પાણી સાથે પંપની સાથે અથવા ડ્રેચિંગ, ડ્રીપ અથવા ફુવારા પદ્ધતિથી આપવું. અને પછીના પીયત વખતે ૬૦૦ લીટરની આસ પાસ આપવું. વરસમાં એકાદ વાર દ્રાવણનું મધર કલચર એટલે કે ગીર ગો-કૃપા અમૃતમ તાજું લઇ બદલવું પડશે (૩ વર્ષ સુધી, ત્યાં સુધીમાં તમારી પાસે પણ ઉત્તમ ગુણવત્તા વાળું મધર કલ્ચર વિકસિત થઇ જશે).

વિશેષ નોંધ -

૧) ગો-કૃપા અમૃતમમાં રહેલા મિત્ર સૂક્ષ્મ કીટાણુઓને દેશી ગાયનું જ ગોબર અને ગોમૂત્ર ભાવે છે અને દેશી ગાયના પંચગવ્ય પદાર્થો સાથે સૌથી ઉત્તમ પરિણામ આપશે. એટલે ભેંસનું અથવા વિદેશી ગાયનું ગોબર વાપરવું નહીં. એટલે અમારી નમ્ર વિનંતી છે કે જો તમારી પાસે દેશી ગાય ન હોય તો કોઈ ગૌશાળાથી દેશી ગાયનું ખાતર ખરીદીને વાપરવું અને જો તમે દેશી ગાય રાખો તો એને વધુ સરળતાથી સાચવી શકાશે, તમારી યુરિયા અને **DAP** સબસિડીથી તમે ગાય માટે ખાણ (કોન્સન્ટ્રેટ ફીડ) ખરીદી શકશો અને ગાયનું ગોબર-ગૌમૂત્રના ઉપયોગથી તમે જાતે ઉચ્ચ ગુણવત્તાનું ખાતર અને કીટનાશક દ્રવ્યનું નિર્માણ કરી શકશો.

૨) ખેડૂત મિત્રોને નમ્ર વિનંતી એ પણ છે કે ગીર ગો-કૃપા અમૃતમના દ્રાવણનો ઉપયોગ પહેલાં તમારી જમીનના એક નાના ભાગમાં કરવો. ઉદાહરણ રૂપે જો તમારી પાસે ૨૦ એકર જમીન હોય તો પહેલાં ફક્ત અડધા એકરમાં ઉપયોગ કરવો. જો તમને સફળ પરિણામ મળે તો મોટા પાયે ગાયો લાવીને સ્વાભિમાનથી સ્વનિર્ભર થઈને ખેતી થશે.

ગો-કૃપા અમૃતમ બેક્ટેરિયા નો ખાતર તરીકે કેવી રીતે ઉપયોગ કરશો?

- દેસી ગોમાતાના તાજા ગોબરની ૨ ફૂટ ઉંચી અને ૨ ફૂટ પોહળી લાઇન કરવી, અને તેને જાડની નીચે અથવા અન્ય છાયડામાં રાખવી. જે ૨૦૦ લિટર દ્રાવણ તૈયાર થયું છે એમાંથી ૨૦ લિટર લઈ આની ઉપર છાંટી દેવું. આનાથી વધારે પણ લઈ શકાય છે.
- પછી આ ખાતર ઉપર ડ્રિપ અથવા બીજી કોઈ રીતથી પાણીનો છંટકાવ કરતા રેહવું જેનાથી તેમાં ભેજ બનેલું રહે. આનાથી લગભગ ૪૦-૪૫ દિવસમાં સરસ મજાનું ઉત્તમ ગુણવત્તા વાળું ખાતર તૈયાર થઇ જશે. આ ખાતર તમે કોઈ પણ ખેતરમાં અને કોઈ પણ પાકમાં વાપરશો તો સુંદર પરિણામ મેળવી શકાશે.

ગો-કૃપા અમૃતમ બેક્ટેરિયાને કીટ નિયંત્રક તરીકે કેવી રીતે વાપરશો?

- ૨૦૦ લિટરમાંથી ૧ લિટર દ્રાવણ લેવું.
- ૧૫ લિટરના પંપમાં બાકીનું પાણી ભરવું.
- આ મિશ્રણનો દર ૫ દિવસે ૧ વાર છંટકાવ કરવો. આનાથી પાકમાં રોગ આવશે જ નહિ તેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ શકશે, અથવા જો રોગ આવશે તો પણ આનાથી ઘણો નિયંત્રિત રહેશે.

ગો-કૃપા અમૃતમનું દ્રાવણ રેલાવીને (ફ્લો સીસ્ટ દ્વારા): ગૌ અમૃતમનું ૧૦૦-૨૦૦ લીટરનું દ્રાવણ પ્રતિ હેક્ટર સુક્ષ્મ પિયત પધ્ધતિથી અથવા રેલાવીને પિયત આપવાના પાણી સાથે આપી શકાય. બીજા ખેડૂતોની પ્રતિક્રિયા અનુસાર ગીર ગો-કૃપા અમૃતમનું દ્રાવણ ડ્રિપ ઇરીગેશનની પાઇપમાંથી સરળતાથી ફ્લો (પસાર) થાય છે.

ખાસ નોંધ -

ખેતરમાં ડાંગર, ઘઉં વગેરે પાક લીધા બાદ બાકી રહેલા પાકને સળગાવવાથી જમીનમાં રહેલા કરોડો બેકટેરિયાનો નાશ થાય છે. જેનાથી જમીનની ફળદ્રુપતા ઘટી પછીના પાકોમાં ઉત્પાદન ઘટે છે તથા પર્યાવરણ ને પ્રદુષિત પણ કરે છે. બાળવાને બદલે રોટરી કરવાથી ખેત પેદાશનો બાકી રહેલો ભાગ ધરતીમાતાને પાછો આપવાથી બેકટેરિયાનો ખોરાક બની જમીનને વધુ ફળદ્રુપ બનાવશે અને પછીના પાકોના ઉત્પાદનમાં ખાસ્સો વધારો થશે જે રોટરી કરવાના ખર્ચ કરતા વધુ લાભકર્તા બનશે.

ખાસ સાવચેતી -

બેક્ટિરેયાની બોટલ લઇ જતાં રસ્તામાં ઓછામાં ઓછું દર ૨ કલાકે ખોલવી અને ઘરે જઈ બેકટેરિયાની બોટલ ને ખોલી દેવી. જે સાધનમાં બેકટેરિયા તૈયાર કરવાના હોય તે સાધન ખુબ જ સારી રીતે ધોઈને ઉપયોગમાં લેવું. તેમાં કોઈ પણ જાતના તેલ કે કેમિકલ વાળું રહે નહિ તેની ખાસ સાવચેતી રાખવી.

વધુ માહિતી માટે અમારી યુટ્યુબ ચેનલ સાથે જાડાયેલા રહો.

YouTube

Gopalbhai Sutariya
Bansi Gir Gaushala

ગૌકૃપા અમૃતમ માહિતી માટે સંપર્ક

બંસી ગીર ગોશાળા, મેટ્રો હોલસેલ સર્વિસ રોડ, શાંતિપુરા સર્કલ, સરખેજ, અમદાવાદ-૩૮૨૨૧૦. ગુજરાત. ભારત. ફોન : 9316746990, 635100349

દક્ષિણ ગુજરાત - ભરુચ - 8160164013. કચ્છ - ગાંધીધામ - 9825227003 / 9825222703. કચ્છ - ભુજ - 9909759570. અમદાવાદ - 9426240034.

બરોડા - 9898271415. અરાવલ્લી અને દેહગામ - 9879854354. બોટાદ - 9824538367. જુનાગઢ - 7802919354. સુરેન્દ્રનગર - 7990940103.

(સોમવારથી શનિવાર - સમય સવારે ૧૦ થી ૬)

બંસી ગીર ગોશાલા

info@banigir.in www.bansigir.in bansigirgaushala bansigir